સને ૨૦૧૯-૨૦
ચાલુ બાબત

પશુચિકિત્સકની નિમણૂંક માટેની મેનેજરીયલ સહાયની યોજનાના વહીવટી મંજૂરીના ઠરાવની બોલીઓ અને શરતોમાં સુધારા બાબત

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક........
10 FEB 2020
શાખા...... ૧૧૧૦૭

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક :ગવસ/૧૨૨૦૧૯/૧003/પી.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૫/૦૨/૨૦૨૦

**વંચાણે લીધા :**

૧.કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:ગવસ/૧૨૨૦૧૮/૧૬૮૫/પી.૧, તા.૨૫/૦૭/૨૦૧૯

૨.કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના પત્રક્રમાંક:ગવસ/૧૨૨૦૧૯/૮૧૦/પી.૧, તા.૨૫/૦૭/૨૦૧૯

૩.ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરીના પત્રક્રમાંક :ગગવબ/હિસા/બજેટ/૪૮૫૯/૧૯, તા.૨૨/૦૮/૨૦૧૯

**આમુખ:-**

વંચાણે લીધા(૧)ના ઠરાવથી આ વિભાગ હેઠળના ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની સહાયકારી યોજનાઓને સને ૨૦૧૯-૨૦માં ચાલુ રાખવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા (૨)ના પત્રથી પશુપાલન નિયામકશ્રીની અધ્યક્ષપણા હેઠળ રચાયેલ કમિટી દ્વારા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની સહાયકારી યોજનાઓની સમીક્ષા કરી સુચવેલ ભલામણ મુજબ જરૂરી સુધારા-વધારા સાથે દરખાસ્ત કરવા ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરીને જણાવવામાં આવેલ. તદ્દઅનુસાર વંચાણે લીધા (૩)ના પત્રથી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની કચેરી દ્વારા પશુચિકિત્સકની નિમણૂંક માટેની મેનેજરીયલ સહાયની યોજનાની અમલીકરણની બોલીઓ અને શરતોમાં સુધારા કરવા માટે અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**-:ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ હસ્તકની પશુચિકિત્સકની નિમણૂંક માટેની મેનેજરીયલ સહાયની યોજનાને વંચાણે લીધા(૧)ના તા.૨૫/૦૭/૨૦૧૯ના ઠરાવથી સને ૨૦૧૯-૨૦ના વર્ષ માટે ગૌશાળા/પાંજરાપોળ માટે આંતર માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે સહાયની યોજના માટે રૂ.૫૧૩.00 લાખની જોગવાઈ કરવામાં આવેલ જેમાં સદર કંમ્પોનન્ટ પશુચિકિત્સકની નિમણૂક માટેની મેનેજરીયલ સહાયનો સમાવેશ થયેલ છે. આ જોગવાઈ હેઠળ અપાયેલ વહીવટી મંજુરીના ઠરાવની શરતો અને બોલીઓમાં નીચે દર્શાવેલ શરતો અને બોલીઓ મુજબ સુધારો કરી વર્ષ ૨૦૧૯-૨૦માં ચાલુ રાખવાની આથી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે. આ યોજનાનું અમલીકરણ નીચે દર્શાવેલ શરતો અને બોલીઓ મુજબ કરવાનું રહેશે.

- **અમલીકરણની બોલીઓ અને શરતો:**
  1. નોંધાયેલ પાંજરાપોળ સંસ્થાને પશુચિકિત્સકની નિમણૂક માટેની મેનેજરીયલ સહાય ત્રણ વર્ષ સુધી મળવાપાત્ર રહેશે; સહાયની મુદત પુરી થયા બાદ સંસ્થાએ સ્વખર્ચે યોજના ચાલુ રાખવાની રહેશે.
  2. યોજના અંતર્ગત ૨000 થી વધુ પશુઓ નિભાવતી ચેરીટી એક્ટ હેઠળ નોંધાયેલ પાંજરાપોળ સંસ્થાને પશુચિકિત્સકની નિમણૂંક માટેની મેનેજરીયલ સહાય ત્રણ વર્ષ સુધી ચુકવવાની રહેશે. લાભાર્થી પાંજરાપોળ સંસ્થાએ નિયુકત કરેલ પશુચિકિત્સકને માસિક રૂ! ૪૫000 મહેનતાણા પેટે ચુકવવાના રહેશે જેના ૭૫ % મહતમ રૂ!.૩૩૭૫૦ પ્રતિમાસ લેખે સહાય સ્વરૂપે લાભાર્થી સંસ્થાને ચુકવવાના રહેશે.